જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૩/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૫૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૩	૦	૧૧૩૦૩	૧૭૪૨૩	૦	૧૭૪૨૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૬૭	૫	૨૯૦૭૨	૩૦૪૨૪	૫	૩૦૪૨૯
કુલ		૪૫૧૪૨	૫	૪૫૧૪૭	૫૪૩૫૧	૫	૫૪૩૫૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧	૫,૯૧,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨૪	૩,૨૪,૦૦૦/-

જુગાર ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ખોખરા પોલીસ સ્ટેશન

ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગાર રમતા ચાર ઇસમોને રોકડ નાણાં રૂ.૧૦૦૯૦/- મળી કુલ રૂ.૧૬૩૪૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતી ખોખરા પોલીસ

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. ના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા પો.કો વિનોદભાઇ ચંદુભાઇ બ.નં.૪૫૦૬ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ નાઓને ખાનગી બાતમી હકીકત મળેલ કે, હાકેશ્વર સ્મશાન ગૃહની અંદર ખુલ્લા મેદાનમા કેટલાક ઇસમો ભેગા થઈ ગોળકુંડાળુ વળી ગંજીફાના પાનાથી હારજીતનો પૈસા પાનાથી જુગાર રમી રમાડે છે. જે બાતમી હકિકત આધારે સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતા ગંજીફા પાનાથી હારજીતનો જુગાર રમતા ચાર ઇસમોને ત્યાંજ પકડી લીધેલ જેની અંગઝડતી તપાસ કરતા અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ રૂ.૧૦૦૯૦/- નો જુગારનો કેસ શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે. તા.૧૧/૦૩/૨૦૨૧



પાસા અટકાયતી ની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને ભુજ પાલારા જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) અમરાઇવાડી પો સ્ટે સી/૧૧૧૯૧૦૦૪૨૦૦૫૯૪/૨૦૨૧ પ્રોહી કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૮૧ મુજબ તથા (૨) ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૦૬૮/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૯૮ (૨) ૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૨૯૪/૨૦૨૧ તા. ૧૧/૦૩/૨૦૨૧ તથા બજવણી તા. ૧૧/૦૩/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે :- ભુજ પાલારા જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા હે કો અજીતભાઇ ભીખાભાઇ બ. નં- ૯૨૯૪ તથા અનાર્મ હે કો સંજયકુમાર કડવાજી બ. નં- ૫૨૦૭ તથા પો કો હિતેશભાઇ લાભૌભાઇ બ નં ૧૦૧૫૧

પાસા અટકાયતી :-

વિજય ઉર્ફે ટકલો સન/ઓફ રાઘવરામ રામનિર્મલ શર્મા ઉ. વ. ૨૯ ધંધો મજુરી રહે. મ નં ૫૨/૪ રઘુવીર એપાર્ટમેન્ટ પંચદેવ મંદીરની પાછળ અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન-ગામ- કાલીકનધાન તા. સુલતાનપુર જીલ્લો અમેઠી ઉત્તરપ્રદેશ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ અને ૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૪૬૦/૨૦૨૧**

ચાંદખેડા : પિયુષભાઇ કનુભાઇ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે.શાંતીકુંજ સોસાયટી, આઇ.ઓ.સી. રોડ, ચાંદખેડા) એ તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે એપ્રીલ/૨૦૨૦ થી તા.૧૦/૦૩/૨૦૨૧ ના કલાક ૧૦/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી પીંટુભાઇ જયસ્વાલ (રહે.આશ્રય રેસીડેન્સી, ગ્રીનપાર્કની બાજુમા, ચાંદખેડા રેલ્વે સ્ટેશનની આગળ ચાંદખેડા) એ પિયુષભાઇ ને મકાનની લોન પાસ કરાવવાનુ કહી વિશ્વાસમા લઇ, તેમની પાસેથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અને અન્ય દસ્તાવેજો મેળવી લઇ તેમજ પિયુષભાઇના સબંધી અને મિત્ર સર્કલ નાઓને પણ વિશ્વાસમા લઇ લોન આપવાના બહાને પ્રોસેસીંગ ફી પેટે રૂપિયા ૩૫૦૦/- તથા અગત્યના દસ્તાવેજો લઇ આજદિન સુધી લોન નહિ કરી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

ચોરી :- **સમાચાર યાદી નં.૪૬૧/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : વિજયાબહેન પ્રવિણભાઇ પંચાલ (રહે,આઇ.સી.બી. પાર્ક, વંદે માતરમ, ગોતા) એ તા.૧૧/૦૩/૨૦૨૧ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૦૫/૦૩/૨૦૨૧ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઓટોરીક્ષામાં ઘી વેચવા આવેલ ત્રણ અજાણ્યા બહેનો એ ભેગામળી વિજયાબહેન ને વાતોમા રાખી, તેમની નજર ચુકવી ઘરમા ઘુસી બેડરૂમના કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૬૦,૦૦૦/-, સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૬૨/૨૦૨૧**

ચાંદખેડા : જીગ્નેશભાઇ નવીનચંદ્ર પરમાર (ઉ.વ.૩૬)(રહે.કિર્તન ટેનામેન્ટ, સ્નેહ પ્લાઝા રોડ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૧ ના કલાક ૮/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના મકાનના ઉપરના ભાગે આવેલ રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

બાપુનગર : કુસુમબહેન ડો/ઓ રાધેશ્યામ લોધી (ઉ.વ.૨૦)(રહે.અક્ષરધામ ફ્લેટ ડી-માર્ટ ની સામે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના હુકમા દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

વટવા : ઉમંગભાઇ બિહારીલાલ ગુપ્તા (ઉ.વ.૨૨)(રહે.ઇન્દીરાનગર, પી.ડી.પંડ્યા કોલેજ રોડ, વાંદરવટ તળાવની પાસે, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૧ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચેતનભાઇ હરજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી